॥ શ્રી ચિંતામણી-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૧૨

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

સં-૨૦૬૭ ભાદરવા સુદ-૫

જિનશાસનના શણગાર પ.પૂ.પંચમહાવ્રત ધારી ગુરુભગવંતોના ચરણોમાં વંદના તથા સન્માનનીય શ્રીસંઘના આગેવાનો, પંડિતજીઓ આદિને સેવક બાબુલાલ સરેમલ બેડાવાળાના સબહુમાન પ્રણામ..

પૂજ્ય ગીતાર્થજ્ઞાની ગુરુભગવંતોના શ્રીમુખે સાંભળવા મળ્યા મુજબ પુસ્તક-પ્રતમાં રહેલું શ્રુતજ્ઞાન એ દ્રવ્ય શ્રુતજ્ઞાન છે. તેનો આધાર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ છે, જેઓના ઉપયોગરૂપે રહેલું શ્રુતજ્ઞાન એ ભાવ શ્રુતજ્ઞાન છે. પુસ્તક-પ્રતાદિ એ ભાવશ્રુતજ્ઞાનનું કારણ બનતા હોઇ તે પ્રધાન દ્રવ્ય શ્રુતજ્ઞાન છે. આ બધાનો ફલિતાર્થ એ થયો કે દ્રવ્યશ્રુત રૂપ પુસ્તક-પ્રતાદિ એ ભાવશ્રુતનું કારણ બનવા જોઇએ અને તે ત્યારે જ બને કે, જ્યારે શ્રી સંઘમાં શ્રુતજ્ઞાન પોષક-વર્ધક અને સંરક્ષક પાઠશાળા, વિદ્યાપીઠ વગેરે વેગવંતી બને.

ચતુર્વિધ શ્રી સંઘમાં જ્ઞાનાભ્યાસનો પ્રયત્ન, ઉદ્યમ વધે તો ભાવશ્રુતની સફળ આરાધના થાય એ માટે શ્રી સંઘની પાઠશાળાઓને પ્રોત્સાહન મળે એ જરૂરી છે.

નાના બાળકો માટે ટીની-મીની સ્વરૂપની વજસ્વામી પાઠશાળાઓ ચાલે, નાના બાળકોને મૂકવા આવતી એમની માતા વિગેરેના પણ એ જ સમયે જ્ઞાનના ક્લાસ વગેરે ગોઠવાય તો બે'યનું કામ થાય. મોટાઓ માટે પણ સૂત્ર ગોખવા, જીવવિચાર, નવતત્વાદિના અર્થો સમજવા વગેરે માટેની સંઘમાં વ્યવસ્થા વિચારાય.

માત્ર સૂત્ર ગોખવા કે અર્થ કરવા પૂરતું જ નહિ પરંતુ પ્રાથમિક ક્રિયાઓ અને તેના રહસ્યાદિનું જ્ઞાન પણ સાથે સાથે મળતું રહે. ચાતુર્માસાદિમાં મહાત્માઓનો યોગ હોય તો તે રીતે અથવા તેની અવેજીમાં સારા પંડિતજીઓ રોકીને પણ આ કાર્ય હાથ ધરવું જોઇએ.

અમદાવાદ તપોવન, મહેસાણા, નાકોડા, માલવાડા, સાંચોર, બેંગલોર વગેરેના જેવી સંસ્કૃત અને ધાર્મિક પાઠશાળાઓને સવિશેષ પ્રોત્સાહન આપવું જોઇએ. સંપન્ન જ્ઞાનરસિક શ્રાવકોએ વિવિધ યોજનાઓમાં લાભ લઇ લક્ષ્મી સાર્થક કરવી જોઇએ કારણકે એમાંથી જ શાસનમાં ઘણું કરીને અધ્યાપક પંડિતો, ચુસ્ત ક્રિયાકારકો, પર્યુષણના આરાધકો અને વિધિકારકો તથા ધર્મના પ્રચારકો ઉભા થતા હોય છે. આ પ્રયત્નોમાં ૨૫-૫૦ પણ સારા જિનશાસનસેવક પંડિતજી-સુશ્રાવકો તૈયાર થશે તો તેઓ સારી રીતે શાસનની જ્યોત ઝળહળતી રાખશે.

શ્રીસંઘોમાં જ્ઞાનખાતાની રકમો ફીક્સ ભેગી કર્યે જ જવી એ સરકારી દખલગિરિ આદિ અનેક કારણે યોગ્ય જણાતી નથી. તેમજ કારણ વિના જ્ઞાનદ્રવ્ય, ઉપરના દેવદ્રવ્ય ક્ષેત્રમાં પણ લઇ જવી યોગ્ય ન ગણવી જોઇએ.

સૌ પ્રથમ તો અમુક રકમથી વધુ રકમ જ્ઞાનખાતે જમા ન રાખવી અને કારણ વિના ઉપરના ક્ષેત્રમાં ન લઇ જવી એટલો પણ નિર્ણય સંઘોમાં જો કરવામાં આવે તો પણ સંઘની જ્ઞાનસંબંધી કેટલીય પ્રવૃતિને વેગ મળે. સંઘના જ્ઞાનભંડારો અવનવા પુસ્તકાદિથી સમૃદ્ધ બને. અજૈન પંડિતોના પગારની વ્યવસ્થા થઇ જાય. ભારે કિંમતિ કાગળો પર વર્ષો સુધી ટકી શકે એ પ્રમાણેનું શ્રુત સંરક્ષણ થઇ જાય.

આમ અમને લાગે છે. અ બાબત આપનું અમૂલ્ય માર્ગદર્શન અમને પાઠવવા કૃપા કરશોજી.

" दासोऽहं सर्व साधूनाम् "     શ્રી સંઘસેવક શાહ બાબુલાલ સરેમલ

# વિક્રમસંવત ૨૦૬૭ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | પિંડનિર્યુક્તિ સટીક | જયસુંદરસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | આગમસારોધ્ધાર | કુલચંદ્રસૂરિજી | સં-ગુ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩ | જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર | કુલચંદ્રસૂરિજી | હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | એ લાઇવ સ્ટોરી | રત્નભાનુવિજયજી | અં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | સિધ્ધાંત દિવાકર | રત્નભાનુવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | આચારાંગ સૂત્ર-૧ | પં.રત્નજ્યોતવિજયજી | સં-ગુ. | રંજનવિજય પુસ્તકાલય |
| ૭ | શ્રી પાર્શ્વ-શાંતિ અર્હદ્ અભિષેક | નરેન્દ્રભાઇ કોરડીઆ | સં-ગુ. | રંજનવિજય પુસ્તકાલય |
| ૮ | અર્હમ્ સ્તોત્રમ્ (મનોરમા વૃત્તિ) | રાજસુન્દરવિજયજી | સં. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૯ | સ્વર્ગ ગમનના સંકેતો | રાજસુન્દરવિજયજી | ગુજ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૦ | શીલવતી કા ચરિત્ર | જયાનન્દવિજયજી | હિ. | ------- |
| ૧૧ | કુસુમવતી ચરિત્ર | જયાનન્દવિજયજી | હિ. | ------- |
| ૧૨ | ગ્લોરીયસ સ્ટોરી ઓફ હ્યુમન | જયાનન્દવિજયજી | અં. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૧૩ | જયન્તવિજય મહાકાવ્ય | સા.ચંદનબાલાશ્રીજી | સં. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૪ | હેમચંદ્રાચાર્ય | જીતેન્દ્ર બી.શાહ | ગુજ. | શ્રુત રત્નાકર |
| ૧૫ | જૈન દર્શનમેં દ્રવ્ય ગુણ પર્યાય કી અવધારણા | સાગરમલ જૈન | હિ. | એલ.ડી.ઇન્સ્ટીટ્યુટ |
| ૧૬ | મેવાડ કે જૈન તીર્થ-૨ | મોહનલાલ બોલ્યા | હિ. | અઠવાલાઇન્સ જૈન સંઘ |
| ૧૭ | આર્ય સંસ્કૃતિ | પ્રશાંતદર્શનવિજયજી | ગુજ. | પ્રજ્ઞાંગ પ્રકાશન |
| ૧૮ | કર્મનું કોમ્પ્યુટર-૧ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | અખિલ ભારતીય સંસ્કૃતિ |
| ૧૯ | કર્મનું કોમ્પ્યુટર-૨+૩ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | રક્ષક દળ |
| ૨૦ | તારક તત્વજ્ઞાન | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૧ | શ્રાવક જન તો તેને કહીયે રે | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૨ | પ્રસન્ન રહેતા શીખો | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૩ | જ્ઞાન દિપક પ્રગટાવો-૧ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૪ | જ્ઞાન દિપક પ્રગટાવો-૨ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૫ | જ્ઞાન દિપક પ્રગટાવો-૩ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૬ | આદેશ્વર અલબેલો રે | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૭ | સૌ ચાલો સિધ્ધગિરિ જઇએ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૮ | જ્ઞાનદિપક - ૧,૨,૩ | પં.મેઘદર્શનવિજયજી | ગુજ. | " " " |
| ૨૯ | અપ્રગટ પ્રાચીન ગુર્જર સાહિત્ય સંચય | સા.વિરાગરસાશ્રીજી | ગુજ. | ઓમકારસૂરિ.આરાધના |
| | | ડૉ.કવિન શાહ | | |
| ૩૦ | શ્રાવક અતિચાર દર્પણ | કમલેશભાઇ શાહ | ગુજ. | જિનેન્દ્રસૂરિજૈન પાઠશાળા |
| ૩૧ | વિશમી સદીની વિરલ વિભૂતિ-૧ | હેમવલ્લભવિજયજી | ગુજ. | સહસાવન કલ્યાણ |
| ૩૨ | (હિમાંશુસૂરિજી જીવન ચરિત્ર)૨ | | ગુજ. | ભૂમિ તિર્થોધ્ધાર સમિતિ |
| ૩૩ | દિવ્ય વાર્તાનો (ભુવનભાનુ ગુણ) ખજાનો | દિવ્યવલ્લભવિજયજી | ગુજ. | અજયભાઇ મહેન્દ્રભાઇ |
| ૩૪ | સમાધિ મૃત્યુ થકી સદ્ગતિ | સંયમકીર્તિવિજયજી | ગુજ. | નરેશભાઇ નવસારી |
| ૩૫ | પરિવારની શાંતિ શાંતિનો પરિવાર | રાજયશસૂરિજી | ગુજ. | વિક્રમલબ્ધિ સંસ્કૃતિ કેન્દ્ર |

# સરસ્વતી પુત્રો ને વંદના

નિમ્નોક્ત ગ્રંથના સંશોધન સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.

આ.ભુવનભૂષણસૂરીશ્વરજી મ.સા. (પૂ.રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)

(૧) શ્રી ચક્ષુરપ્રાપ્યકારિતાવાદ - કર્તા ઉપા.યશોવિજયજી - સંશોધન-સંપાદન-ભાષાંતર સાથે (ન્યાયની ચર્ચાના ગ્રંથમાં આગમ નિરૂપિત સિધ્ધાંતને નવ્યન્યાયશૈલીથી નિરૂપણ કરેલ છે.)

આ.જગચ્ચંદ્રસૂરિજી મ.સા. (પૂ.રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)

(૧) શ્રી પદ્માનંદ મહાકાવ્ય - અમરચંદ્રસૂરિ કૃત

ગણિવર્ય તીર્થભદ્રવિજયજી મ.સા. (પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી સમુદાય)

(૧) ચિહુંગતિ ચોપાઇ - કર્તા વસ્તિગ - સં - ૧૪૬૨

(૨) જ્ઞાનપંચમી ચોપાઇ - કર્તા વિધ્ધણું - સં - ૧૪૨૩

(૩) અનાથી કુલક - કર્તા અજ્ઞાત - ૧૫ મી સદી

(૪) ધના સંધિ - કર્તા અજ્ઞાત - ૧૫ મી સદી

શ્રુતભવન સંશોધન કેન્દ્ર(પુના) પ્રેરક પૂ.વૈરાગ્યરતિવિજયજી મ.સા

(૧) અધ્યાત્મતરઙ્ગિણી - સટીક (ઉપદેશ)

(૨) શતપદી પ્રકરણ - આ.મહેન્દ્રસૂરિજી (ચર્ચા)

(૩) ઉપદેશ કન્દલી - સટીક -આ.બાલચન્દ્રસૂરિજી (ઉપદેશ)

## શ્રુતભક્તિનો લાભ આપશોજી

(૧) પૂજ્ય સાધુ-સાધ્વીજી કે વિદ્વાન પંડિતોના સંશોધન-સંપાદનાદિના વિશિષ્ટ કાર્યો માટે તેમજ પ્રાચીન શ્રુતવારસાને સુરક્ષિત-સંરક્ષણ કરવા માટે જરૂરી દ્રવ્યની બાબતમાં સકળ શ્રી સંઘ હરહંમેશ તૈયાર જ રહે છે, અને તે ઉચિત છે. તેમ છતાં અભ્યાસ ઉપયોગી સંશોધન-સંપાદન-પ્રકાશનના કાર્યમાં કોઇપણ પ્રકારની સહકારની આપશ્રીને આવશ્યક્તા હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી છે. અને એ બાબત યથા શક્ય સર્વપ્રકારે સહાયભૂત થવાનો પૂર્ણ પ્રયત્ન કરીશું.

(૨) આપણા જુદા જુદા જ્ઞાનભંડારોમાં રહેલી ખૂબ જ મહત્વના ગ્રંથોને સ્કેન કરાવીને પૂજ્ય જંબૂવિજયજી મ.સા.ની પ્રેરણાથી ૧૦૪ ડીવીડીનો સેટ બનાવીને સંશોધકોને ઝેરોક્ષ નકલ પુરી પાડવા માટે દસ જુદા જુદા જ્ઞાનભંડારોમાં આપવામાં આવેલ છે, તે ગ્રંથો પૈકી પ્રાયઃ અપ્રગટ એવી ૬૭૫ કૃતિઓ પૈકી મહત્વના થોડાક ગ્રંથોની યાદી પેજ નં-૬ ઉપર રજુ કરી છે તેમાંથી સંશોધન-સંપાદન માટે જોઇતા ગ્રંથોની ઝેરોક્ષ નકલ અમારી પાસેથી મળી શકશે. પૂજ્યોને સંશોધન રેફરન્સ અભ્યાસ માટે ઘણા ગ્રંથોની જરૂર પડે છે જે પૈકી આપણા પ્રકાશનો/જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ નથી તેવા બહુ જ અગત્યના ગ્રંથો jainelibrary.org ઉપર ઉપલબ્ધ છે તે પૈકી થોડાક ગ્રંથોની વિગત પેજ નં-૭ ઉપર આપી છે. વેબ ઉપરથી ડાઉનલોડ કરીને આપણા જ્ઞાનભંડારને સમૃધ્ધ પણ કરી શકાય છે.

# ચાલો, શ્રુતવારસાને સાચવી લઈએ...

અનંત ઉપકારી પરમાત્માશ્રી મહાવીર પ્રભુની વાણી રૂપી દ્વાદશાંગીને સમયજ્ઞ પૂ. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે લેખનબદ્ધ કરી. તે તાડપત્ર અને હસ્તપ્રતોના સાચા માલિક અને ઉત્તરાધિકારી શ્રી જૈન સંઘ છે. તથા છેદગ્રંથો, આગમગ્રંથો આદિ વિશિષ્ટ શ્રુતના પઠન-પાઠનના અધિકારી ગુર્વાજ્ઞાપ્રાપ્ત યોગોદ્વહન કરેલ શ્રમણ-શ્રમણી ભગવંતો જ છે. વર્ષો સુધી એની માલિકી અને પઠન-પાઠનનો અધિકાર શ્રમણપ્રધાન જૈન સંઘનો જ હતો અને છે. તેમ છતાં સત્તરમી સદીમાં અને તે પછી અંગ્રેજ, જર્મન આદિ પ્રોફેસરો જૈન ધર્મના સમૃદ્ધ શ્રુતવારસા તરફ વળ્યા... તેના અભ્યાસ-સંશોધનાદિ કરી ગ્રંથો પણ કેટલાક બહાર પાડ્યા. મુખ્યત્વે અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન અને તે પછી પણ ગમે તે કારણસર આપણો અમૂલ્ય શ્રુતવારસો કેટલીક વિદેશની લાયબ્રેરીઓમાં તથા કેટલોક આપણા દેશની સરકારી કે અર્ધસરકારી ટ્રસ્ટ કે ખાનગી લાયબ્રેરીઓમાં હાલ છે, કે જેના પર શ્રમણપ્રધાન સંઘનું કોઇપણ પ્રકારનું નિયંત્રણ નથી. શ્રીસંઘની ૧૦ લાખ હસ્તપ્રતો પૈકી બે લાખ હસ્તપ્રતો પર શ્રીસંઘની કે ગુરૂભગવંતોની કોઇ પણ પ્રકારની દેખરેખ કે અંકુશ નથી.

વિદેશમાં અને સરકારી ઇન્સ્ટીટ્યુટોમાં રહેલ ઓરીજીનલ હસ્તપ્રતો હવે આપણને પાછી મળે એ આશા રાખવી વ્યર્થ છે. છતાં તેમાના પદાર્થો ઝેરોક્ષ રૂપે દ્રવ્યની સહાયથી પાછા લાવી શકાય છે.

## -: વિદેશી કેટલાક સંગ્રહસ્થાનો :-

વિદેશી વિદ્વાનોએ મૂલ્યવાન હિરાની જેમ આપણા બધા ગ્રંથોને સાચવીને જે તે ગ્રંથોની વિશેષતાઓની નોંધ પૂર્વક, તેની ઘણી બધી વિગતો સાથેના કેટલોગ બનાવી પ્રકાશિત પણ કરાવ્યા છે. અને જે તે સંસ્થા પોતાના આગવા નિયમમુજબ આ ગ્રંથોની ઝેરોક્ષ નકલ ખર્ચ લઇને આપતા હોય છે. આવા કેટલાક વિદેશી લાયબ્રેરીઓના બહાર પડેલા કેટલોગ નીચે મુજબ છે.

(1) Catalogue of Jain Manuscripts of British Library - Institute of Jainology
(2) Catalogue of Sanskrit MSS in British Meseum - India Office Library-London
(3) Catalogue of Jain MSS at Berlin - Walther Sehybring/Libzing Germony

## -: ભારતીય કેટલાક હસ્તપ્રત સંગ્રહસ્થાનો :-

આપણા દેશમાં પણ સરકાર સંચાલિત કેટલાક સમૃદ્ધ ઇન્સ્ટીટ્યુટોમાં અન્ય ધર્મની સાથે જૈન ધર્મની પણ હસ્તપ્રતોનો અમૂલ્ય ખજાનો સચવાયેલો છે. આઝાદી પછીના કાળે પ્રારંભમાં તેની સાચવણી અને તેના વિસ્તૃત કેટલોગ બનાવવામાં આપણા ગુરૂભગવંતો કે જૈન વિદ્વાનોએ કાર્ય કર્યા છે. અને તે કેટલોગો સરકારી ગ્રાન્ટ વડે પ્રકાશિત પણ થયા છે. તે સંસ્થાઓ પણ જૈનોના અપ્રગટ ગ્રંથોને વિદ્વાનો દ્વારા પ્રકાશિત કરતી હતી. પરંતુ સરકારી ખાતુ અને દિવસે દિવસે વધતા પગાર ધોરણને કારણે અત્યારે તેમને મળતી ગ્રાંટની રકમ વહીવટીય વ્યવસ્થા ખર્ચામાં જ વપરાતી જાય છે. અને જે તે ગ્રંથોની જાળવણી અને સુરક્ષામાં ઉણપ વર્તાય છે. ક્યારેક તો વળી નીચેના લેવલથી જ જે તે ગ્રંથો ચોરાઇ જવાનો પણ ભય રહે છે. જો કે હાલ આ બધી જ સંસ્થાઓ પોતાના નિયમ મુજબ ખર્ચ લઇને જે તે ગ્રંથોની ઝેરોક્ષ કે સ્કેન કરેલ નકલ માંગ્યા મુજબ આપે છે. આપણે જ્ઞાનદ્રવ્યનો સદ્ઉપયોગ કરીને - ખર્ચીને આ રીતે પણ આપણું મહત્વનું શ્રુત પાછુ મેળવી શકીએ છીએ.

(1) A Descriptive Catalogue of Sanskrit & Pakrit MSS ૧૪ પુસ્તક
Complined by Hiralal Kapadia Pub :- Bhandarkar Oriental Research Inst.- Poona
(2) A Descriptive Catlogue of Sanskrit & Pakrit MSS ૪ પુસ્તક
Published by B. J .Institute - Ahmedabad
(3) Catalogue of Sanskrit and Pakrit MSS Complined by Jinvijayji ૨૮ પુસ્તક
Published by Rajasthan Oriental Research Institute - Jodhpur
(4) A Descriptive Catlogue of MSS in Central Library Baroda - Cent.Library Baroda

ઉપર લખ્યા છે એ તો અમોએ ફક્ત અમારે ત્યાં ઉપલબ્ધ ક્ષ્ટિલોગના જ નામ આપ્યા છે, કે જેના વહીવટમાં ક્યાંય જૈન સાધુ કે શ્રાવક નથી, પરંતુ તે બધા જ આ હસ્તપ્રતોમાંની ઝેરોક્ષ નકલ કે સ્કેન થયેલ સી.ડી. તેઓના ધારાધોરણ મુજબ નક્કી કરેલા ચાર્જથી આપે છે. જ્ઞાનવારસાને સાચવી લેવા કટીબદ્ધ વિદ્વાન મુનિભગવંતો અને શ્રુતજ્ઞાનરસિક માત્ર થોડાક જ શ્રાવકો આ કાર્ય હાથમાં લે તો, જે તે સંસ્થામાં રહેલ મહત્વના ગ્રંથોની નકલ જૈન સંઘમાં પણ ઝેરોક્ષ અવસ્થામાં ઉપલબ્ધ બની શકે.

ભાંડારકર ઇન્સ્ટી. દ્વારા પ્રકાશિત એચ. ડી. વેલણકરના જિનરત્નકોષમાં આપણી હસ્તપ્રતોની વિગતો ૧૯૪૪માં પ્રકાશિત કરવામાં આવેલ. ભારત સરકારે આઝાદી પછી મદ્રાસ યુનીવર્સીટી સંસ્કૃત સીરીઝમાં New Catlogarus of Catlogorum - આ બધી જ સંસ્થાઓ તેમજ આપણા સંઘ ટ્રસ્ટ સંચાલિત મુદ્રિત કેટલોગોનો સમાવેશ ભાગ ૧ થી ૨૦ માં કરેલ છે. તથા National Mission for Manuscripts-અન્વયે, આ બધા જ કેટલોગોમાં રહેલ હસ્તપ્રતોની યાદી onlione web ઉપર પણ મૂકેલ છે જેનો પણ શ્રીસંઘના હિતમાં ઉપયોગ થઇ શકે.

## -: શ્રીસંઘ જોગ હાર્દિક વિનંતી :-

શ્રીસંઘના નેજા હેઠળની જે હસ્તપ્રતો છૂટી છવાયી ગામ-પરગામમાં છે તેમાં ક્યારેક ગેરવહીવટને કારણ તો ક્યારેક યોગ્ય સાચવણીના અભાવે ઉધઇ, અગ્નિ-પાણી આદિનો ભોગ બનીને શ્રુતવારસો ક્ષીણ થતો હોય છે એ પણ અમે અનુભવ્યું છે. હસ્તલિખિત સંગ્રહાયેલા જેટલા પણ જ્ઞાનભંડારો છે, તેમાં અમુક અપવાદોને બાદ કરતા કેટલાય સંગ્રહસ્થાનોમાં વર્ષોના વર્ષો સુધી તાળુ પણ ખુલ્યું ન હોય કે જે તે હસ્તલિખિત ગ્રંથ-પ્રતની સાચવણી અર્થે ઘોડાવજ, તમાકુ આદિ મુકવા, સમયે-સમયે બદલવા - વિગેરે પણ નહિં થતું હોય જેમાં ઘણું કરીને શ્રુતભક્તિનો અને શ્રુતભક્તિના જ્ઞાનનો પણ અભાવ અને ઉપેક્ષા જ કામ કરી જતા હોય છે.

શ્રીસંઘોએ પોતાની પાસે રહેલ જે તે હસ્તલિખિત ગ્રંથનું એકવાર તો સ્કેનીંગ કરાવી જ લેવું જોઇએ. પછી યોગ્ય વ્યક્તિને તેની ઝેરોક્ષ નકલ જરૂરિયાત મુજબ પૂરી પાડી શકાય. શ્રુતજ્ઞાનભક્તિના આ મહત્વના કાર્યમાં કોઇપણ જ્ઞાનભંડારને સલાહ-સૂચન કે દ્રવ્યની અપેક્ષા હોય તો અમે ચોક્કસપણે મદદરૂપ થઇશું તો શ્રુતભક્તિનો અવશ્ય લાભ આપશોજી.

વિદેશોમાં કે અન્ય સરકારી સંસ્થાઓ દ્વારા ગ્રંથો ઉપલબ્ધ થતાં હોવાને કારણે તે દ્વારા ઘણા બધા મહત્વના ગ્રંથો સંશોધન થઇ પ્રગટ થઇ શક્યા છે. તેની તુલનામાં આપણા જ્ઞાનભંડારોમાં રહેલી હસ્તપ્રતો સુરક્ષિત રાખવાના શુભાશયથી સંગ્રહાયેલી જ રહેવાથી જે તે ગ્રંથો પ્રમાણમાં ઓછા પ્રગટ થયા હોઇ શકે છે. હવે સમયનો પરિપાક થયે એ બધા જ ગ્રંથોને સ્કેન કરાવી ઝેરોક્ષ કરાવી સાચવી લેવાની આપને ફરી ફરીને વિનંતિ કરીએ છીએ.

અનુસંધાન પેજ-૮ ઉપરથી...

(૩) કેટલાક જૂના પુસ્તકો, શ્રીસંઘમાં કે શ્રાવકના ઘરોમાં વધારાના થઇ પડેલ પુસ્તકો, માસિક વગેરે કે જે તેઓને અનુપયોગી હોય પરંતુ અન્યને વાંચનાદિમાં ઉપયોગી થઇ પડે એવા હોય તેમજ ગુજરાતી પુસ્તકો જ્ઞાનખાતામાંથી ખરીદીને પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોને વાંચના બાદ બિનઉપયોગી બનતા હોય એવી પરિસ્થિતિ ઘણું કરીને સર્જાતી હોય છે તો આવા વેસ્ટ બનેલ પુસ્તકોનો બેસ્ટ ઉપયોગ શી શી રીતે કરી શકાય ?

આ બાબત આપના અમૂલ્ય માર્ગદર્શનની અમને ખેવના છે.

(૪) શ્રુતજ્ઞાનન ક્ષેત્રે કરવા યોગ્ય કોઇ પણ પ્રકારના કાર્યની વિગત અમને મોકલવા યોગ્ય કરશો, તો અમો આપના આભારી થઇશું.

(પૂ. જંબૂવિજયજી મ.સા. પ્રેરિત સ્કેન કરાવેલ હસ્તપ્રતોની ૧૦૪ ડીવીડી ના સેટમાં રહેલ

## લિપ્યંતરણ કરી સંશોધન-સંપાદન કરવા યોગ્ય અપ્રગટ ગ્રંથ રત્નો

| ક્રમ | કૃતિ નામ | કર્તા | પ્રકાર | ગ્રંથાગ્ર | ભાષા | જ્ઞાનભંડાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | આખ્યાત વિવેક મૂળ | રઘુનાથ શિરોમણી | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૨ | આત્મપ્રતિબોધ | નયસુંદર વાચક | પદ્ય | ૮૨ | મા.ગુ | પાકા હેમ |
| ૩ | આરાધના પ્રકરણ મૂળ | અજ્ઞાત | પદ્ય | ૧૫૯ | પ્રા | પાતા હેસં |
| ૪ | આવશ્યક સૂત્ર-અવચૂરિ | જ્ઞાનસાગરસૂરિજી | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૫ | આવશ્યક સૂત્ર-ભાષ્ય | અજ્ઞાત | પદ્ય | -- | પ્રા | પાકા હેમ |
| ૬ | ઉપદેશકંદલી-ટીકા | બાલચંદ્રસૂરિજી | ગદ્ય | ૭૬૦૦ | સં. | પાતાહેસં |
| ૭ | ઋષભ પંચાશિકા-ટીકા | નેમિચંદ્ર | ગદ્ય | -- | સં. | પાતાહેસં |
| ૮ | ઔપદેશિક સ્વાધ્યાય-મૂળ | ઉપા. યશોવિજયજી | પદ્ય | ૪૧ | મા.ગુ | પાકા હેમ |
| ૯ | કાલિકાચાર્ય કથા-મૂળ | પ્રદ્યુમ્ન શ્રેષ્ઠી | પદ્ય | ૭૪ | સં. | પાતા સંઘવી |
| ૧૦ | તત્વાર્થધિગમસૂત્ર-અવચૂરિ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૧૧ | દશવૈકાલિક સૂત્ર-અવચૂરિ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૧૨ | દ્વાદશ ભાવના-મૂળ | અજ્ઞાત | પદ્ય | ૧૫૭ | પ્રા | પાતા સંઘવી |
| ૧૩ | ધર્મ લક્ષણ-મૂળ | જિનવલ્લભ | -- | -- | સં. | ખંભાત તાડ |
| ૧૪ | ધ્યાન વિચાર-મૂળ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૧૫ | નારદીય સામુદ્રિક શાસ્ત્ર-મૂળ | નારદ દેવર્ષિ | પદ્ય | ૭૬ | સં-પ્રા | પાતા સંઘવી |
| ૧૬ | ન્યાયરત્ન | મણિકંઠ મિશ્ર | પદ્ય | ૧૪૭૫ | સં. | પાકા હેમ |
| ૧૭ | પ્રત્યાખ્યાન-ભાષ્ય | અજ્ઞાત | પદ્ય | ૬૨ | પ્રા | ખંભાત તાડા |
| ૧૮ | પ્રત્યાખ્યાન-ભાષ્ય-અવચૂર્ણી | સોમસુંદરસૂરિજી | ગદ્ય | -- | સં. | ભાંડારકર |
| ૧૯ | પ્રવચન વિચાર સાર-મૂળ | નયકુંજર | ગદ્ય | -- | પ્રા-સં | પાકા હેમ |
| ૨૦ | પ્રશ્ન શતક-મૂળ | જિનવલ્લભ | પદ્ય | ૧૬૧ | સં. | ભાંડારકર |
| ૨૧ | પ્રમાણ મન્જરિ-ટીપ્પણ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૨૨ | ભગવતીસૂત્ર-અવચૂર્ણી | અજ્ઞાત | ગદ્ય | 3000 | સં. | પાકા હેમ |
| ૨૩ | ભગવતીસૂત્ર-અવચૂર્ણી | અજ્ઞાત | ગદ્ય | ૩૧૧૪ | સં. | ભાંડારકર |
| ૨૪ | સ્વપ્નાધ્યાય-મૂળ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૨૫ | ભાષ્યત્રય-અવચૂરિ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૨૬ | મયુરશિખાકલ્પ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૨૭ | યશોધર ચરિત્ર | અજ્ઞાત | પદ્ય | ૨૫૬ | પ્રા | ભાંડારકર |
| ૨૮ | વિચાર શતક | સમયસુંદર ગણિ | પદ્ય | -- | -- | ભાંડારકર |
| ૨૯ | વાગભટ્ટાલંકાર-ટીકા | સિંહદેવ ગણિ | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| 30 | વાગભટ્ટાલંકાર-ટીકા | જિનવર્ધનસૂરિજી | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૩૧ | વિવેકધૈર્યાશ્રય-મૂળ | રઘુનાથ | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૩૨ | વૃત્તરત્નાકર-ટીકા | શ્રીકંઠ પંડિત | ગદ્ય | -- | સં. | પાતા સંઘવી |
| ૩૩ | સંવાદ સુંદર-મૂળ | કનક કુશલ | -- | ૧૬૩૮ | સં. | પાકા હેમ |
| ૩૪ | સંવેગ શતક-મૂળ | અજ્ઞાત | પદ્ય | ૧૦૭ | સં. | ભાંડારકર |
| ૩૫ | સમવાયાંગસૂત્ર-અવચૂરિ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | પાકા હેમ |
| ૩૬ | સર્વજ્ઞવ્યવસ્થાપન વાદ સ્થળ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | ભાંડારકર |
| ૩૭ | સર્વાનુમાનોત્થાપન સ્થળ | અજ્ઞાત | ગદ્ય | -- | સં. | ભાંડારકર |

# જ્ઞાનભંડારોને સમૃદ્ધકરવા માટેના પુસ્તકો

jainelibrary.org ની વેબ ઉપર રહેલ પૂર્વે મુદ્રિત પરંતુ અત્યારે અપ્રાયઃ, પૂજ્યોને ઉપયોગી પુસ્તકો

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા/સંપાદક | ભાષા | પાના | બુક નં |
|---|---|---|---|---|---|
| ૧ | હસ્તલિખિત ગ્રંથ સૂચિ-૧ | જંબૂવિજયજી | હિ. | ૫૮૨ | ૧૦૦૦૧ |
| ૨ | હસ્તલિખિત ગ્રંથ સૂચિ-૨ | જંબૂવિજયજી | હિ. | ૮૯૫ | ૧૦૦૦૨ |
| ૩ | હસ્તલિખિત ગ્રંથ સૂચિ-૩ | જંબૂવિજયજી | હિ. | ૧૬૫ | ૧૦૦૦૩ |
| ૪ | જિનરત્ન કોશ-૧ | એચ.ડી.વેલણકર | અં | ૪૮૪ | ૧૬૦૧૨ |
| ૫ | કેટલોગ ઓફ સં.પ્રા.મેન્યુ.-૨ | પુણ્યવિજયજી | અં | ૫૯૮ | ૧૦૦૧૧ |
| ૬ | કેટલોગ ઓફ સં.પ્રા.મેન્યુ.-૩ | પુણ્યવિજયજી | અં | ૩૬૪ | ૧૦૦૦૮ |
| ૭ | કેટલોગ ઓફ સં.પ્રા.મેન્યુ.-૪ | પુણ્યવિજયજી | અં | ૫૧૮ | ૧૦૦૦૯ |
| ૮ | પાઇઅ સદ્દ મહણણવો | હરગવોનદાસ ટી.શેઠ | હિ. | ૧૦૧૦ | ૧૬૦૮૦ |
| ૯ | પ્રાકૃત હિન્દી કોશ | કે.આર.ચંદ્રા | હિ. | ૯૧૦ | ૧૬૦૨૦ |
| ૧૦ | જૈન આગમોમાં આવતા પ્રાકૃત - ૧ | નગીન જે.શાહ | ગુજ | ૪૯૨ | ૧૬૦૫૫ |
| ૧૧ | નામોનો પરિચયાત્મકકોશ-૨ | નગીન જે.શાહ | ગુજ | ૫૧૬ | ૧૬૦૫૬ |
| ૧૨ | બૃહદ્ ગુજરાતી કોશ-૧ | કેશવલાલ શાસ્ત્રી | ગુજ | ૧૦૧૬ | ૧૬૦૭૨ |
| ૧૩ | બૃહદ્ ગુજરાતી કોશ-૨ | કેશવલાલ શાસ્ત્રી | સં | ૧૨૯૪ | ૧૬૦૭૩ |
| ૧૪ | પ્રમાણ મીમાંસા | સુખલાલજી સંઘવી | સં | ૩૪૦ | ૧૦૬૯ |
| ૧૫ | હેતુ બિંદુ ટીકા | આર્કટ ભટ્ટ | સં | ૫૨૩ | ૧૦૭૩ |
| ૧૬ | સ્યાદ્વાદ રહસ્ય મધ્યમ -૨ | યશોવિજયજી | સં | ૩૭૦ | ૯૦૪૮૭ |
| ૧૭ | સ્યાદ્વાદ રહસ્ય મધ્યમ -૩ | યશોવિજયજી | સં | ૩૬૩ | ૯૦૪૮૮ |
| ૧૮ | દ્વિસંધાન મહાકાવ્ય | ધનંજય મહાકવિ | સં | ૪૧૯ | ૯૦૧૬૬ |
| ૧૯ | ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ | અગરચંદ નાહટા | હિ. | ૭૦૦ | ૨૬૦૦ |
| ૨૦ | અનેકાર્થ રત્નમંજૂષા | હીરાલાલ કાપડીયા | સં | ૧૮૦ | ૨૯૨૧ |
| ૨૧ | કલ્યાણ કલિકા-૧ | કલ્યાણવિજયજી | હિ. | ૭૦૨ | ૧૭૨૨ |
| ૨૨ | વ્યુત્પત્તિવાદ-જયાખ્યા ટીકા | ગદાધાર ભટ્ટાચાર્ય | સં | ૨૬૭ | ૯૬૫૨ |
| ૨૩ | ખવગ શેઢી | પ્રેમસૂરીશ્વરજી | સં | ૭૮૬ | ૧૬૯૮ |
| ૨૪ | ઠિઇ-બન્ધો | પ્રેમસૂરીશ્વરજી | સં | ૭૬૨ | ૧૮૫૨ |
| ૨૫ | જ્ઞાન બિન્દુ | સુખલાલજી સંઘવી | સં | ૨૪૪ | ૨૫૧૮ |
| ૨૬ | પ્રાકૃત દિપીકા | સુદર્શનલાલ જૈન | હિ. | ૨૯૮ | ૧૬૬૯ |
| ૨૭ | પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા | કસ્તુરવિજયજી | ગુજ | ૫૧૨ | ૧૭૩૪ |
| ૨૮ | સિદ્ધહેમ-વ્યાકરણ-૧ | બેચરદાસ દોશી | ગુજ | ૮૦૮ | ૪૮૧૨ |
| ૨૯ | સિદ્ધહેમ-વ્યાકરણ-૨ | બેચરદાસ દોશી | ગુજ | ૬૩૪ | ૪૮૧૩ |
| ૩૦ | સિદ્ધહેમ-વ્યાકરણ-૩ | બેચરદાસ દોશી | ગુજ | ૫૩૪ | ૪૮૧૪ |
| ૩૧ | પ્રાકૃત વ્યાકરણ | કે.વી.આપ્ટે | હિ. | ૪૬૨ | ૧૮૭૧ |
| ૩૨ | પ્રાકૃત શબ્દાનુશાસનમ્ | ત્રિવિક્રમ | હિ. | ૩૬૦ | ૧૭૩૫ |
| ૩૩ | પ્રાકૃત માર્ગોપદેશિકા | બેચરદાસ દોશી | ગુજ | ૫૦૮ | ૧૭૦૨ |
| ૩૪ | પટ્ટાવલી પરાગ સંગ્રહ | કલ્યાણવિજયજી | હિ. | ૫૩૮ | ૨૬૧૫ |
| ૩૫ | શાકટાયન્ વ્યાકરણ | શંભુનાથ ત્રિપાઠી | હિ. | ૪૮૭ | ૯૦૪૧૨ |

# મુંઝવણમાં ધો માર્ગદર્શન

(૧) આજકાલ ઠેર ઠેર શ્રીસંઘોમાં જૂના પુસ્તકો કે જેને નકામા જ ગણી શકાય, તેનો ભરાવો થતો રહે છે. ઉપરાંત જૂના પંચાંગો, પત્રિકાઓ, તૂટેલા સાપડાઓ, ચરવળા વગેરેની તૂટેલી દાંડીઓ, જૂના માસિકો, અવનવા પેમ્ફલેટો, આ અને આવી ઘણી બધી બિન ઉપયોગી કે અલ્પ ઉપયોગી વસ્તુઓનો ભરાવો થતો રહે છે. શ્રાવકોના ઘરોમાં પંચાંગો અને પત્રિકાઓ તથા પુસ્તકોનો પણ ક્યારેક સારા એવા પ્રમાણમાં સ્ટોક ભેગો થાય છે, અને પછી ક્યારેક તો તે દેરાસર કે ઉપાશ્રયમાં ટ્રાન્સફર થઇ જાય છે. દીવાળી સમયે સંઘની કે ઘરની સફાઇમાં આ બધા પ્રશ્નો ઉભા થવાના, તો આ બાબત અલ્પતમદોષ લાગે તેવી ઉચિત શાસ્ત્રીય વ્યવસ્થા શું હોઇ શકે ?

આ બાબત આપનું અમૂલ્ય માર્ગદર્શન અમને મળે એવી હાર્દિક અપેક્ષા છે.

(૨) સકળ શ્રી જૈન સંઘમાં વર્ષે દહાડે મહોત્સવાદિની પત્રિકાઓ તથા પ્લાસ્ટીક બેનરો અતિ અલ્પ ઉપયોગી કેટલાક અન્ય સાહિત્યનો કુલ ખર્ચ પ્રાયઃ સેંકડો કરોડોમાં હશે એ નિર્વિવાદ જાણવું જોઇએ. આ પત્રિકાઓ-બેનરો તો જે તે સંઘમાં તે સંઘ પૂરતી અને મહોત્સવના દિવસો પૂરતી જ સિમિત હોય છે. એમાં દેવ અને ગુરુના ફોટાઓ પણ છપાય છે. તેથી મહોત્સવ બાદ પત્રિકાનો નિકાલ કરવામાં દેવ-ગુરુની આશાતનાનો પણ પ્રશ્ન આવી રહે છે. અલબત્ત, લાભ લેનારને યોગ્ય સન્માન આપવાની અપેક્ષા હોઇ શકે. એ દ્વારા અન્ય આવક કદાચ ઉભી થતી હોય... આ બધુ પણ શક્ય છે.

તો આ મુદ્દે, મુખ્યત્વે પત્રિકાઓ અને બેનરો બાબત ગીતાર્થ ગુરુભગવંતો આદિનું અમને અચૂક અમૂલ્ય માર્ગદર્શન મળે એવી હાર્દિક અપેક્ષા છે.

અનુસંધાન પેજ-૫ ઉપર

## મિચ્છામિદુક્કડમ્

અત્યાર સુધીના પ્રકાશિત પરિપત્ર ૧ થી ૧૨માં ફક્ત શ્રુતજ્ઞાન, જ્ઞાનભંડાર અને જ્ઞાનદ્રવ્યને લગતી વિગતો પ્રકાશિત કરી છે. જેમાં પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો, સમુદાય, સંઘ, સંસ્થા અને શ્રાવક-શ્રાવિકાને ઉપયોગી જરૂરી માહિતી તથા શાસ્ત્રોમાં રહેલી વાતોને સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતોની કૃપા અને આશીર્વાદ દ્વારા અમે રજુ કરી શક્યા છીએ. તેમ છતાં પણ અમારા દ્વારા જાણતા અજાણતા પણ કોઇ પણ જાતનો અવિવેક કે મન દુઃખ થયું હોય તો ક્ષમા કરશો અને જિનાજ્ઞા વિરૂદ્ધ કોઇ પણ રજુઆત થઇ હોય તો ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્ માંગુ છું.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com